જંત્રીમાં વધારાએ ભડકો કર્યો, સુધારો નહીં થાય તો કોર્ટનો માર્ગ અપનાવાશે: સુરત ક્રેડાઈ

જંત્રીના ભાવમાં થયેલો વધારો 200થી 2000 ટકા જેટલો, બિલ્ડરોએ બીજે ધંધો કરવા જવું પડે તેવી સ્થિતિ

સરકારે જંત્રીના નવા દરો માટે 18 માસ લીધા અને વાંધા માટે માત્ર 30 જ દિવસ?

આજે કલેક્ટર મારફતે સરકારને આવેદનપત્ર આપી વિરોધ રજૂ કરવામાં આવશે

શું છે ક્રેડાઈની મુખ્ય માંગણીઓ

- **સરકાર દ્વારા જંત્રીમાં કરાયેલા વધારા સામે વાંધા રજૂ કરવા માટે 31 માર્ચ, 2025 સુધીનો સમય આપવામાં આવે.**
- **હાલની ઓનલાઈન પ્રક્રિયાને સરળ બનાવવી અને ઓફલાઈન રજૂઆત માટે વ્યવસ્થા કરવામાં આવે.**
- **જંત્રીના દરો માટે સાયન્ટિફિક સરવે કરીને વાસ્તવિક રીતે દરો નક્કી કરવામાં આવે.**
- **દરેક વેલ્યુ ઝોનના નકશા જાહેર કરવામાં આવે જેથી અસમાનતા દૂર થાય.**

કેટલાક વિસ્તારોમાં તો જમીનની માર્કેટ કિંમત કરતાં જંત્રી વધારે છે!

સરકારે જંત્રીમાં કરેલા વધારાથી એવી ગરબડ થઇ ગઇ છે કે સુરતથી 5થી 10 કિમીની અંદરના ગામ છે, ત્યાં જમીનની માર્કેટ કિંમત જ તેનાથી પાંચથી છ ગણી તો જંત્રી વધારે છે. જેને કારણે ખેડુતોએ જો જમીન વેચવી હશે તો તે જમીન વેચી જ નહિ શકે. કારણ કે, જમીનનો દસ્તાવેજ જ માર્કેટ કિંમત કરતાં છ ગણી જંત્રીએ કરવો પડશે. બની શકે છે કે જે ફ્લેટની કિંમત 50 લાખ હોય તે ફ્લેટની જંત્રી 1 કરોડ રૂપિયાની થાય. આ સંજોગોમાં લોકો કેવી રીતે ખરીદશે તે મોટો પ્રશ્ન છે તેમ ક્રેડાઈ સુરતના ઉપપ્રમુખ દિપન દેસાઈએ જણાવ્યું હતું.

સુરતઃ રાજ્ય સરકાર દ્વારા જંત્રીમાં કરાયેલા વધારા સામે શરૂ થયેલા વિરોધમાં હવે સુરત ક્રેડાઈ પણ જોડાયું છે. જંત્રીમાં વધારાને કારણે સુરતમાં રિઅલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રિઝને મોટો ફટકો પડે તેમ છે. બિલ્ડરોએ ધંધો કરવા માટે બીજે જવું પડે તેવી હાલત થઈ જવા પામી છે. ક્રેડાઈ તરફથી જાણવામાં આવ્યું છે કે, જો આ નવા દરો અમલમાં મુકાશે તો ગરીબ અને મધ્યમ વર્ગ માટે ઘર કે દુકાન ખરીદવા અશક્ય બની જશે. સાયન્ટિફિક સર્વેના દાવા પાયાવિહોણા છે. આ મુદ્દે સરકારમાં રજૂઆતો કરવામાં આવશે અને જો સરકાર નહીં માને તો હાઈકોર્ટથી સુપ્રીમ કોર્ટ સુધી જવાની પણ તૈયારી સુરત ક્રેડાઈ દ્વારા કરવામાં આવી છે. ક્રેડાઈ દ્વારા આ મુદ્દે સોમવારે સુરત જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવશે.

એક પત્રકાર પરિષદમાં સુરત ક્રેડાઈના ચેરમેન સંજય માંગુકીયા, પ્રમુખ જીજ્ઞેશ પટેલ, ઉપપ્રમુખ દિપન દેસાઈ, મંત્રી તુષાર લાખાણી સહિતના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, સરકારે કરેલો જંત્રીમાં વધારો 200થી 2000 ટકાનો થયો છે. સુરતમાં 32 ટીપીમાં જંત્રીના ભાવોમાં 500 ટકાથી વધુ, 12 ટીપીમાં 400 ટકાથી વધુ અને ઓલપાડના સાંધિયેર ગામમાં 8 હજાર ટકાનો વધારો થયો છે. આ વધારા સાથે શહેરની એવરેજ જમીનની જંત્રીના ભાવોમાં 200 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો છે. રાજ્ય સરકારને 40 હજારથી વધુ વેલ્યુ ઝોનમાં જંત્રીના દર નક્કી કરવા માટે 18 મહિના લાગ્યા, પરંતુ વાંધા રજૂ કરવા માટે ફક્ત 30 દિવસનો સમય આપવામાં આવ્યો છે.

રવિવારની રજામાં ડુમસના કિનારે સુરતીઓની મોજ



સુરતના ડુમસના દરિયા કિનારે રવિવારે જાણે સુરત ઉમટી પડ્યું હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. રજા અને ઠંડીના અહલાદ્ક વાતાવરણની મોજ સાથે ચટાકેદાર વાનગીઓની સુરતીઓએ જાયફ્ત માણી હતી.

વય મર્યાદા નક્કી થયા બાદ ભાજપે પ્રથમવાર વોર્ડ પ્રમુખ માટે સેન્સ લીધા

ભાજપ કાર્યાલયમાં 87 ઉમેદવારોને સાંભળવામાં આવ્યા હતા

એક અંદાજ મુજબ 200 જેટલા ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવશે

સુરત. ભારતીય જનતા પાર્ટી દ્વારા હાલ સંગઠન પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે, તેથી હવે આગામી દિવસોમાં વોર્ડ પ્રમુખોને જવાબદારી સોંપવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટી સંગઠનને મજબૂત કરવાને આધારે ચૂંટણી લડવાનો પૂરો પ્રયાસ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર સંગઠનને બોર્ડ સુધી મજબૂત કરવાની પહેલ કરી છે.

ભારતીય જનતા પાર્ટીના નિરીક્ષકોની ટીમ બે દિવસથી સુરત કાર્યાલયમાં વોર્ડ પ્રમુખોની નિમણૂંક કરી રહી છે. વોર્ડ પ્રમુખ બનવા માંગતા ભાજપના યુવા ચહેરાઓને સ્થાન આપવાની તૈયારીઓ પણ કરવામાં આવી છે. જે અંતર્ગત ભાજપ કાર્યાલયમાં 87 ઉમેદવારોને સાંભળવામાં આવ્યા હતા અને એક અંદાજ મુજબ 200 જેટલા ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવશે. ભારતીય જનતા પાર્ટીમાં અત્યાર સુધી જે રીતે સાંસદ અને ધારાસભ્ય માટેની પ્રક્રિયા ચાલતી હતી. તેવી જ રીતે હવે વોર્ડ પ્રમુખ માટે પણ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.સેન્સ પ્રક્રિયામાં નિરીક્ષક તરીકે આવેલા રાકેશ શાહે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના સંગઠનને મજબૂત કરવા વોર્ડ પ્રમુખો માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વોર્ડ પ્રમુખ માટે વય મર્યાદા 40 થી 45 વર્ષની રાખવામાં આવી છે.

વોર્ડ પ્રમુખ કોઈપણ હોઈ શકે છે, પુરુષ કે સ્ત્રી, તેઓ આ માપદંડમાં આવતા હોવા જોઈએ.નિર્ધારીત વય મર્યાદાથી વધુના દાવેદારો હોય તો તે માટે રિમાર્કસ સાથે ફોર્મ લેવાયું છે.

શિક્ષણ સમિતિના ૬ઠ્ઠા ધોરણમાં હવે વર્ગદીઠ પ્રથમ વિદ્યાર્થીને સાયકલ આપવા વિચારણા

પહેલા શાળા દીઠ અવ્વલ આવનારા વિદ્યાર્થીને સાયકલ અપાતી હતી, પાલિકા સંચાલિત ન.પ્રા. શિક્ષણ સમિતિના 2025-26ના બજેટની તૈયારીઓ શરૂ

સુરતઃ સુરત મહાનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વર્ષ 2025-26ના બજેટ માટે તૈયારીઓ શરૂ થઇ ગઇ છે. આ વર્ષે શિક્ષણ સમિતિના બજેટમાં નવી ખાસ કોઇ જોગવાઇ નથી. પરંતુ પહેલીવાર વર્ગમાં ધોરણ 6માં ફાઈનલ પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે સાયકલ આપવાની જાહેરાત થઇ શકે છે. ગત વર્ષથી સ્કૂલદીઠ ધોરણ 6માં અવ્વલ આવનાર વિદ્યાર્થીઓને સાયકલ અપાઈ હતી. પરંતુ હવે વિદ્યાર્થીઓના હિતમાં વર્ગદીઠ સાયકલ આપવાના નિર્ણય લેવાની વિચારણા અંતિમ તબક્કામાં છે. ડિસેમ્બરના અંતમાં મળનારી બજેટની બેઠકમાં આ અંગે જાહેરાત કરવામાં આવશે.

શિક્ષણ સમિતિની 332 સ્કૂલ અને જિલ્લા પંચાયત હસ્તકની પાલિકામાં આવેલી 40 મળી હવે સ્કૂલની સંખ્યા 370ને આંબી ગઇ છે. ગત વર્ષે સ્કૂલદીઠ 332 પ્રમાણે ધોરણ 6માં પ્રથમ આવનાર 332 વિદ્યાર્થીને સાયકલ આપવામાં આવી હતી. એક સાયકલની કિંમત અંદાજિત 7થી 8 હજાર છે.

હવે વર્ગદીઠ પહેલા ક્રમે આવનાર વિદ્યાર્થીઓને સાયકલ આપવાની વિચારણા છે. હાલ સ્કૂલની સંખ્યા 370 થઇ ગઇ છે, જેમાં ધોરણ 6ના 550થી વધુ વર્ગ ચાલે છે. એટલે હવે સાયકલની ખરીદીની સંખ્યા વધારાવામાં આવશે. હવે 550થી વધુ વિદ્યાર્થીને નવા સત્રથી સાયકલ આપવામાં આવશે. આ માટેના બજેટના હેડમાં વધારો કરવામાં આવશે.

નોંધનીય છે કે, શિક્ષણ સમિતિમાં જિલ્લા પંચાયત હસ્તકની સ્કૂલ આવ્યા બાદ વિદ્યાર્થીઓની સંખ્યા 1.85 લાખને ક્રોસ થઇ ગઇ છે. શિક્ષકોની સંખ્યા પણ 4500થી વધુ છે. જેથી બજેટનું કદ અંદાજિત 100 કરોડથી વધવાની સંભાવના છે. આ ઉપરાંત બજેટમાં આંખે ઉડીને વળગે તેવી કોઇ મહત્વની જાહેરાત નહીં થશે. જો કે સ્થાયી સમિતિમાં બજેટ ગયા બાદ તેમાં નવી જાહેરાતો કે ઉમેરો થવાની સંભાવના છે. ગત વર્ષે 900 કરોડનું બજેટ હતું.

સંક્ષિપ્ત સમાચાર

ખેલમહાકુંભ માટે રજિસ્ટ્રેશનની કટ ઓફ ડેટ 31 ડિસેમ્બર જાહેર કરાઈ

સુરતઃ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત-ગાંધીનગર દ્વારા યોજાનાર ખેલમહાકુંભ 3.0 માં શાળા, ગ્રામ્ય તાલુકા, ઝોન કક્ષા, જિલ્લા-મહાનગર પાલિકા, ઝોન કક્ષા (ટીમ રમત) અને રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધા યોજાશે. જેમાં શાળા કક્ષાએ અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ની વયજૂથમાં એથ્લેટિક્સ રમતમાં તમામ શાળાઓએ ફરજિયાત ભાગ લેવાનો રહેશે. નિયત વયજૂથના તમામ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન https://khelmahakumbh.gujarat.gov.in પર તા.૨૫ ડિસે.સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં કરવું. અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ના ગ્રુપના ખેલાડીઓએ જે-તે શાળામાંથી રજિસ્ટ્રેશન ફરજિયાત કરવું. શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી તાલુકા અને જિલ્લામાંથી ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેની વય મર્યાદાની કટઓફ ડેટ તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ છે એમ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના જિલ્લા રમતગમત અધિકારી અને જિ. રમત વિકાસ અધિકારી, જિ. પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી-સુરત એ જણાવ્યું છે.

સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટીનમાં 37 યુગલના સમૂહ નિકાહ

સુરતઃ દર વર્ષની જેમ આ વર્ષે પણ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. અઠવા ગેટ સ્થિત સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટીમાં સમૂહ નિકાહ નું આયોજન કરવામાં આવ્યું હતું. 25 માં સમૂહ લગ્ન સમારોહમાં 37 યુગલના નિકાહ થયા હતા. યતીમ ખાનાના પ્રમુખ યુનુસભાઈ ચક્કીવાલા જણાવ્યું હતું કે સમાજના ગરીબ અને મધ્યમ વર્ગના પુખ્ત વયના 37 જોડાની નિકાહ સેરેમની યોજાઇ હતી. જેમાં શહેરના સર્વધર્મનાં અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા. યતીમખાનાની ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સુરતના મુસ્લિમ સમાજના તમામ આગેવાનો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

સૌરાષ્ટ્ર સંતો, સાવજો અને સ્નેહની ધરતી છે : પદ્મદર્શન વિજયજી

સુરત : રાજકોટ જિલ્લા સ્થિત સર ગામના સીમાડામાં શંખેશ્વર થી ગિરનાર તીર્થનો છરી પાલિત સંઘ આવી પહોંચતા ગ્રામજનોએ અક્ષતથી વધામણાં કરીને ભાવભીનું સ્વાગત કર્યું હતું. રસ્તામાં આવતી સ્કૂલોમાં ચાર જગ્યાએ સરસ્વતી માતાની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પ્રત્યેક ગામોમાં ઘર દીઠ એક કિલો મિઠાઈ-સેવની પ્રસાદી વહેંચવામાં આવી હતી. સૌરાષ્ટ્રની ધરતી સંતો, સાવજો અને સ્નેહની ધરતી છે. સૌરાષ્ટ્રમાં પ્રેમ, લાગણી અને ભક્તિની ભાગીરથી ખળખળ વહી રહી છે. ઓટલો અને રોટલો એ સૌરાષ્ટ્રની આગવી ઓળખ છે. સંતો માટે તો સૌરાષ્ટ્ર સર્યુ નદીની ગરજ સારે છે. આવકાર અને ઔચિત્ય સૌરાષ્ટ્રની ગુડવિલ છે એમ પૂજ્ય પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે જણાવ્યું હતું.

દિક્ષાર્થીઓના હાથે બેહું વર્ષીદાનનું કાર્ય સંપન્ન કરાયું



સુરતઃ જૈન ધર્મની પ્રાચીન પરંપરાને ફરી ઉજાગર કરવાના હેતુ સાથેનું અનોખું કાર્ય દિક્ષાર્થીઓના હાથે 'બેહું વર્ષીદાન' કરાયું હતું. જૈન ધર્મમાં જ્યારે કોઇ દિક્ષાર્થિ સંસાર જીવનને ત્યજી સંયમના માર્ગે જાય છે તે પહેલા વર્ષીદાનનાં કાર્યને સંપન્ન કરવામાં આવે છે. ગોપીપુરા અન્નક્ષેત્ર ખાતે મુમુક્ષુરત્ના મુમુક્ષાબેન દ્વારા એક અનોખું વર્ષીદાન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે પણ સુરતના તમામ સેન્ટરો પર ભોજન પણ આપવામાં આવ્યું હતું. હાલ ઠંડીની ઋતુ હોવાને કારણે ફૂટપાથ પર રહેતા ગરીબ પરિવારને ઠંડીથી રક્ષણ મળી રહે તે હેતુથી મુમુક્ષાબેન દ્વાર બેહુ વર્ષીદાનમાં ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. આ તમામ પરિવારોએ મુમુક્ષરત્નને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગના લાભાર્થી પરિવાર ભારોલતીર્થ નિવાસી માતા મોઘીબેન રસિકલાલ સંઘવી, ભરતભાઈ સંઘવી પમ ઉપસ્થિત રહી સહભાગી બન્યા હતા.

મોરાભાગળ મકાનમાં આગ લાગતા નાસભાગ મચી

સુરતઃ શનિવારે મધરાત્રે શહેરનાં મોરાભાગળ વિસ્તારમાં આવેલી હરેક્રિષ્ના સોસાયટીના એક મકાનમાં આગ લાગવાની ઘટના પ્રકાશમાં આવી હતી. અચાનક ભડકેલી આગને કારણે નાસભાગ મચી ગઈ હતી. મોરાભાગળ વિસ્તારમાં ભાણકી સ્ટેડીયમ નજીક હરે ક્રિષ્ના સોસાયટી આવી છે. જેમાં ફોરમબેન તેના પરિવાર સાથે રહે છે. ગઈકાલે રાત્રે તેમના મકાનમાં આગ લાગી ગઈ હતી. આગ લાગતાની સાથે જ તેમનો પરિવાર રૂમમાંથી જીવ બચાવવા માટે બહાર નીકળી ગયો હતો. બાદમાં ફાયર કંટ્રોલને બનાવની જાણ કરવામાં આવી હતી. તેથી મોરાભાગળ ફાયર સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ફાયર સબ ઓફિસર ધર્મેશ પટેલે જણાવ્યું હતું કે, તેમની ટીમ પહોંચે તે પહેલાં ઘરવખરી આગની લપેટમાં આવીને બળીને ખાખ થઇ ગઇ હતી. જો કે, સમયસર પહોંચેલી ફાયરની ટીમે આગ ઉપર કાબૂ મેળવી લેતાં બાકીનો સામાન બચાવી લેવાયો હતો. ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની પહોંચી ન હતી. આગ કયા કારણોસર લાગી તેનું ચોક્કસ કારણ જાણવા મળ્યું ન હતું.

પાલમાં આર્કિટેક્ટના ગળામાંથી 1.50 લાખનો અછોડો તોડનાર એક ઝડપાયો

સુરતઃ અડાજણમાં દિવાળીની રાત્રે પાલ ખાતે ચેઈન સ્નેચિંગની ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચે એક આરોપીની અટક કરી છે. પાલ એસબીસી સર્કલ પાસે શંખેશ્વર હાઇટ્સમાં રહેતા 33 વર્ષીય પાર્થ રસીકભાઈ બરોચિયા વ્યવસાયે આર્કિટેક્ચર છે. દિવાળીની રાત્રે તેઓ પોતાની ઓફીસ બંધ કરીને સાંજે ઘરે ગયા હતા. જમી પરવારીને રાત્રે આઠેક વાગ્યાના અરસામાં પાર્થ પોતાના સાત વર્ષના દીકરા સ્યાન સાથે એપાર્ટમેન્ટની નીચે ફટાકડા ફોડતા હોવાથી તે જોવા માટે આવ્યા હતા. તે રસ્તાની બાજુએ ઉભા હતા તે દરમિયાન મોપેડ પર આવેલા બે સ્નેચરોએ તેમના ગળામાં પહેરેલો 1.50 લાખની કિંમતનો સોનાના પેંડલ સાથેનો અછોડો તોડી ભાગી ગયા હતા. આ મામલે અડાજણ પોલીસે ગુનો નોંધ્યો હતો. આ ગુનામાં ક્રાઈમ બ્રાંચે એક સ્નેચરની અટક કરી છે.

સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણીના ઉમેદવારોની પેનલ બનાવવા માટે કવાયત

ચૂંટણીમાં દાવેદારી નોંધાવ્યા બાદ સોશિયલ મીડિયામાં પ્રચાર

વકીલો પોતાના ઉમેદવારોને જીતાડવા તેમજ યોગ્ય પેનલ બને તે માટે તૈયારીઓ શરૂ કરી

સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણી આગામી 20 ડિસેમ્બરના રોજ યોજાવા જઈ રહી છે. શુક્રવારે ચૂંટણીમાં દાવેદારી નોંધવાનો અંતિમ દિવસ હતો. ચૂંટણીમાં ઉમેદવારોએ દાવેદારી નોંધાવ્યા બાદ હવે ચૂંટણીનો માહોલ ધીરે-ધીરે જામ્યો છે. સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણીના ઉમેદવારોએ સોશિયલ મીડિયામાં પોતાનો પ્રચાર-પ્રસાર શરૂ કરી દીધો છે. તેમજ વકીલો પોતાના ઉમેદવારોને જીતાડવા તેમજ યોગ્ય પેનલ બને તે માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણીના હવે દિવસો ગણાઈ રહ્યા છે. ચૂંટણીમાં પ્રમુખ પદ, ઉપપ્રમુખ પદ, મંત્રી પદ, સહમંત્રી પદ, ખજાનચી પદ, તેમજ એલ.આર પોસ્ટ માટે ઉમેદવારો મેદાનમાં ઊતર્યા છે. ચૂંટણીમાં પ્રમુખ પદ માટે ચાર ફોર્મ ભરાયા છે. જેમાં હવે બ્રિજેશ પટેલે ફોર્મ ભરતા આ પદનું ઇલેક્શન ગરમાયું છે. તેઓ અગાઉ પણ કોરોના સમયે ત્રણ ટર્મ માટે પ્રમુખ રહ્યા છે. અત્યાર સુધી ઉદય પટેલનું પાસુ મજબૂત લાગી રહ્યું હતું. પરંતુ બ્રિજેશ પટેલે ફોર્મ ભરતા હવે ખરાખરીનો જંગ થાય તેમ લાગી રહ્યું છે. આટલા સમય સુધી કોર્ટની જગ્યાએ મુદ્દે ચૂંટણી થતી હતી. જેમાં આ વખતે મરઘા ફાર્મની જગ્યા લગભગ ફાયનલ કહેવાય છે. જેથી ચૂંટણીમાં જે જીતશે તે પ્રમુખના ફાળે સફળતાનો તાજ પહેરાવાશે. તેથી આ ઇલેક્શનનો માહોલ વધુ ગરમ બને તેમ લાગી રહ્યું છે. તેમજ વકીલો પોતાના ઉમેદવારોને જીતાડવા તેમજ એક યોગ્ય પેનલ બને તે માટે સોશિયલ મીડિયામાં એડીચોટીનું જોર પણ લગાવી રહ્યા છે. જેથી ચૂંટણીને લઈને હાલ પ્રચાર-પ્રસાર તેમજ મિટિંગના દોર પણ શરૂ થઈ ગયા છે.

સરથાણાના રત્નકલાકાર યુવકનું ન્યૂમોનિયાથી મોત

સુરતઃ સરથાણા વિસ્તારમાં રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા યુવકનું ન્યુમોનિયાની બીમારીથી મોત થયું હતું.

સ્મીમેર હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ રાજકોટના વતની અને હાલ સરથાણા વિસ્તારમાં આવેલી પુરુષોત્તમ નગરમાં પત્નીની સાથે રહેતા 22 વર્ષીય જય રમેશ બરવાળિયા રત્નકલાકાર તરીકે કામ કરી પરિવારમાં પત્નીનું ગુજરાન ચલાવતા હતા. જયભાઈને ત્રણ ચાર દિવસથી તાવ આવતા રિપોર્ટ કઢાવ્યા હતા. રિપોર્ટમાં ન્યુમોનિયાની બીમારી હોવાનું જાણવા મળ્યું હતું. જોકે શનિવારે બપોરના સમયે જયભાઈની તબિયત લથડતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ આવ્યા હતા. હોસ્પિટલમાં હાજર તબીબોએ જયભાઈને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. યુવકના મોતના પગલે પરિવારમાં શોકની કાલીમા છવાઈ જવા પામી હતી.

પીસીબીએ 26 આરોપી વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરી

તમામ આરોપીઓને રાજ્યની અલગ અલગ જેલોમાં મોકલી અપાયા

સુરતઃ પોલીસ કમિશનર અનુપમ સિંહ ગહલૌત દ્વારા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને શહેરીજનો શાંતીપૂર્ણ વાતાવરણમાં રહે તે માટે શહેરમાં ઓનલાઈન સાયબર ફ્રોડ આચરનાર, ક્રુર વ્યક્તિ, વ્યાજખોરી, ખુન, મહિલાની છેડતી, મારા-મારી, મોબાઈલ સ્નેચિંગ, ઘરફોડ ચોરી, વાહન ચોરી, સાદી ચોરી તેમજ પ્રોહિબિશનની પ્રવૃત્તિમાં પકડાયેલ 26 અસામાજીક તત્વોને છેલ્લા 8 દિવસમાં પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આરોપીઓને પાસા એક્ટ હેઠળ અટકાયત કરી રાજ્યની અલગ અલગ જેલોમાં મોકલી આપયા હતા.

સુરતમાં ઓફીસ ભાડે રાખી અલગ અલગ વ્યક્તિઓના નામે રૂપિયા આપી બેંક ખાતા મેળવી કૌભાંડ કરનારને પોલીસે પકડી પાડયા હતા. ઓનલાઈન પેમેન્ટ લઈ ગ્રાહકોને વસ્તુઓ ન પહોંચાડી ગ્રાહકો સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરતા હતા. આ ગુનો આચરનાર બે આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ ભુજ તથા મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે અટકાયતમાં મોકલી આપ્યા છે. ચાલુ વર્ષે સાયબર ક્રાઈમના ગુના આચરનાર કુલ-6 આરોપીઓને પાસા હેઠળ રાજ્યની અલગ અલગ જેલોમાં મોકલવામાં આવ્યા છે. પોલીસે પ્રોહિબિશન, વ્યાજ ખોરી, અન્ય ગંભીર ગુનાઓના આરોપીઓ વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરી રાજ્યની અલગ અલગ જેલમાં મોકલવામાં આવ્યા હતા. પીસીબી પોલીસે છેલ્લા 8 દિવસોમાં કુલ્લે 26 જેટલા આરોપીઓ વિરૂદ્ધ પાસા એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે.

દારૂના કેસમાં ચાર વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

સુરત : દારૂના કેસમાં ચાર વર્ષથી ફરાર આરોપીની સચિન જીઆઈડીસી પોલીસે એક દારૂ માફિયાની ધરપકડ કરી છે.

સચિન જીઆઇડીસી પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરની સચિન જીઆઈડીસી પોલીસે કુખ્યાત આરોપી સિદીક ખાન યાકુબ ખાન પઠાણની સચિન પાલીગામ ચારરસ્તા નજીકથી ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું કે, આરોપીઓ સામે વલસાડ જિલ્લાના વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં વિદેશી દારૂના સેવનનો ગંભીર કેસ નોંધવામાં આવ્યો છે. તે છેલ્લા ચાર વર્ષથી ફરાર હતો અને તેની સામે શહેરના સચિન જીઆઈડીસી, લિંબાયત, સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુના નોંધાયેલા છે. આરોપી છેલ્લા ચાર વર્ષથી પોલીસને ચકમો આપીને ફરાર હતો આખરે પોલીસે તેને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત રહેવાનું નહીં ગમતુ હોવાના પત્નીના રટણથી કંટાળી પતિનો આપઘાત

ત્રણ વર્ષથી ડાયાબિટિસથી પીડાતા કતારગામના રહેવાસીએ એસિડ પી લીધો

સુરત : શહેરમાં આપઘાતના બે બનાવમાં વરાછા ખાતે રહેતા યુવાને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો. બીજા બનાવમાં કતારગામ ખાતે રહેતા વૃદ્ધે બીમારીના કારણે એસીડ પી આપઘાત કરી લીધો.

સ્મીમેર હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ અમદાવાદ વતની અને હાલ વરાછા વિસ્તારમાં એલએચ રોડ ખાતે આવેલી જનતાનગર સોસાયટીમાં રહેતા 41 વર્ષીય હસમુખ ગોવિંદ મેર હીરા ઘસવાનું કામ કરી પરિવારમાં પત્ની ઉપરાંત 1 પુત્રી અને 1 પુત્રનું ગુજરાન ચલાવતા હતા. હસમુખભાઈ આઠ મહિના પહેલા જ સુરત ખાતે રહેવા આવ્યા હતા. હસમુખભાઈ પત્નીને રોજેરોજ સુરત ખાતે રહેવાનું ન ગમતા હોવાનું રટણ કરતા હતા. જેથી હસમુખભાઈએ ગઈકાલે રાત્રિના સમયે ઘરમાં લાગેલા હૂક સાથે દોડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

બીજા બનાવમાં કતારગામ વિસ્તારમાં આવેલી રણછોડજી પાર્ક સોસાયટીમાં રહેતા 61 વર્ષીય દિલીપકુમાર ચીમનલાલ પાનવાલા નિવૃત્ત જીવન જીવતા હતા. તેમના પરિવારમાં પત્ની 1 પુત્રી અને 1 પુત્ર છે. દિલીપ કુમારને ત્રણ વર્ષથી ડાયાબિટીસ સહિતની બીમારીઓ હતી. જેથી કંટાળીને દિલીપ કુમારે શુક્રવારે સાંજે ઘરે એસીડ પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પરિવારજનોને જાણ થતાં તેઓ તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે બે દિવસની સારવાર બાદ ગઈકાલે સાંજના સમયે દિલીપકુમારનું મોત નીપજ્યું હતું.

હજીરા અદાણી પોર્ટ પરથી 8.43 લાખના વટાણાં લઈ ટ્રક ડ્રાઈવર ફરાર

સુરતઃ હજીરા સ્થિત આદાણી પોર્ટ પરથી રૂ.8.43 લાખની કિંમતના 500 થેલી વટાણાં લઇને મહારાષ્ટ્રની કંપનીમાં જવા નીકળેલો ટ્રકડ્રાઈવર રસ્તામાંથી ટ્રક લઇને ફરાર થઇ ગયો હતો.

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના તળોજા એમ.આઇ.ડી.સી માં પારખ ફૂડ્સ એન્ડ ઓઇલ લી. કંપની આવેલી છે. આ કંપની દ્વારા જુદી જુદી જગ્યાએથી ફુડ્સ ખરીદી છે. જે અદાણી પોર્ટ પર આવે છે અને અહીં પેકિંગ કરીને કંપનીમાં પહોંચાડવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી હજીરા ખાતે આવેલી રાધાસ્વામી ટ્રાન્સપોર્ટના માલિક ગોવિંદ શ્રીપન્નાવાવ ઓઝા (રહે., કવાસગામ, હરેક્રિષ્ના સોસાયટી) સાથે હજીરાથી ટ્રક મારફતે સામાન મોકલવાનો કરાર છે. તા.4-12-24ના રોજ રાધાસ્વામી ટ્રાન્સપોર્ટના ટ્રકમાં ડ્રાઈવર જુશબ કુંભાપ (રહે., નખત્રાણા, કચ્છ) ૮.૪૩ લાખની કિંમતના 500 બેગ વટાણા લઇને મહારાષ્ટ્ર કંપનીમાં જવા નીકળ્યા હતો. ટ્રક લઇને ડ્રાઈવર અદાણી પોર્ટના ગેટ પરથી નીકળ્યા બાદ પાર્કિંગમાં હોવાનું જણાવ્યું હતું. જોકે, બાદમાં ટ્રક લઇને નાસી છૂટ્યો હતો. જ્યારે કંપનીના કર્મચારી ટ્રક ડ્રાઈવરને બીલટી આપવા માટે આવ્યા ત્યારે ટ્રક ગાયબ હોવાનું જણાયું હતું. બનાવ અંગે પારખ ફુડ્સ એન્ડ ઓઇલ કંપનીના કર્મચારી ગજાનંદ શાહપુરે (ઉ.વ.૪૨ રહે.,હંસગની સંકુલ, સેક્ટર-૧૫, પનવેલ)એ હજીરા પોલીસમાં ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતો પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વાહન ચોરી અને મોબાઈલ સ્નેચિંગના કુખ્યાત આરોપીની ધરપકડ

મોટરસાયકલ અને ત્રણ મોબાઈલ ફોન કબજે

ચોરી અને સ્નેચીંગના ગુનાનો ભેદ ઉકેલાયો

સુરતઃ શહેરમાં વાહન ચોરી, મોબાઈલ ચોરી અને સ્નેચીંગના બનાવો સતત બની રહ્યાં છે. અવારનવાર ઘણા લોકો મોબાઈલ સ્નેચર અને ચોરોનો શિકાર બની રહ્યા છે. આ દિશામાં સચિન જીઆઈડીસી પોલીસે કાર્યવાહી કરી વાહન ચોરી, મોબાઈલ ચોરી અને સ્નેચીંગના ગુનાઓ આચરનાર કુખ્યાત આરોપીની ધરપકડ કરી ચાર ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

સચિન જીઆઈડીસી પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના સચિન જીઆઈડીસી પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમીદાર પાસેથી નક્કર બાતમી મળતા સચિન જીઆઈડીસી સ્થિત રામેશ્વર કોલોની નજીકથી આરોપી આમિર ઉર્ફે ભોંડા જહાંગીર મન્સુરી (રહે. સિદીક નગર ઉન)ની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીની એક મોટરસાયકલ અને ત્રણ મોબાઈલ ફોન કબજે કર્યા છે. આરોપીની પૂછપરછ દરમિયાન તેણે ઉધના પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક મોટરસાયકલ અને એક મોબાઈલ ફોનની ચોરી, ભેસ્તાન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઈલ ફોનની ચોરી અને ખટોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઈલ ફોનની ચોરીની કબૂલાત કરી હતી. આરોપીઓ સામે ઉધના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે અને ભેસ્તાન અને ખટોદરા પોલીસ સ્ટેશનમાં એક-એક ગુનાનો ભેદ ઉકેલાયો છે.આ ઉપરાંત આરોપી કુખ્યાત છે તેની સામે ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં અગાઉ પણ ચોરીના બે ગુના નોંધાયા છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.